ક્રમાંક:ગૌવિ-કએમ/સીઆઈઆર/વિત/પીઓએલ/૨૪-૩૧-૬૮૬-૯૭.
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

તા. 5/૦૨/૯૭.

// પ રિ પ ત્ર //

વિષય:- તબદીલી તથા વપરાશની સમય મર્યાદા વધારી આપવાના શરતી હુકમોની પુર્તતામાં થતા વિલંબના સમયને નિયમિત કરવા અંગેની સત્તાની સોંપણી બાબત.

તબદીલી તથા વપરાશની સમય મર્યાદા વધારી આપવા બાબતે કરવામાં આવતા શરતી હુકમોની શરતોનું પાલન કરવામાં થતા વિલંબ ના સમયને નિયમીત કરી આપવા અંગે નિગમની નીતિ.ઠરાવ ૫૦૮ છે જે મુજબ વિલંબીત સમયના ચુકવણા માટે કાળવણી દરે પ્રવર્તમાન દરે વ્યાજ ભરપાઈ કરવાનો હોય છે પરંતુ જો હુકમ આપવા સમયના તથા શરતોની પુર્તતા વિલંબથી સુધારેલ વિતરણ દર મુજબની તબદીલી ફી/વપરાશની ફેરબદલીના તફાવત રકમ અથવા વિલંબીત ચુકવણા ઉપરનો વ્યાજ બે બેમાંથી જે વધુ હોય તે રકમ વસુલ લેવાની શરતે આખરી હુકમની મંજુરી આપવામાં આવે છે. આ મંજુરી આપવાની સત્તા ક્ષેત્રીય કચેરીના પ્રાદેશિક મેનેજર/વિભાગીય પ્રબંધકશ્રીને હંગામી હુકમની મુદત પુરી થવાની તારીખથી ૯૦ દિવસ સુધીના સમય માટે તથા તેથી વધારાના સમય માટે ઉપા. અને વહીવટી સંચાલકશ્રીને સત્તાઓ સોંપવામાં આવેલ છે.

કાળજીપુર્વકની વિચારણા બાદ આથી એવો હુકમ કરવામાં આવે છે કે જે કિસ્સાઓમાં નિગમની નીતિમાં કોઈ વિસંગતતા ન હોય અને જ્યાં જમીન વિતરણના ભાવો યથાવત રહેતા હોય તો તેવા કિસ્સાઓમાં વિલંબીત ચુકવણાની રકમ ઉપર પ્રવર્તમાન દરે વ્યાજ વસુલ લઈ તથા અન્ય કિસ્સાઓ કે જ્યાં નાણાંકીય અસર હોય નહી તેવા કિસ્સાઓમાં આવી સમય મર્યાદા વધારી આપવાની સત્તાઓ ક્ષેત્રીય કચેરીઓના વિભાગીય પ્રબંધકશ્રીને સોંપવામાં આવે છે. પ્રાદેશિક મેનેજરશ્રીઓની હાલની સત્તા મર્યાદામાં કોઈ ફેરફાર થતો નથી. સત્તાની આ પુનઃસોંપણી અંગેની આ સુચનાઓ ઔદ્યોગિક પ્લોટ/શેડ, રહેણાંકના પ્લોટ/મકાનો અને વાણિજ્યના પ્લોટ/મિલકતોના કિસ્સાઓને લાગુ પાડવાની રહેશે. આથી ક્ષેત્રીય કચેરીના વિતરણ અધિકારીઓને પ્રસ્તુત બાબતની નોંધ લઈ ને ઉપરઅમલ કરવાની સુચના આપવામાં આવે છે.

સહી/-
( આર.એસ.સકસેના )
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...

રવાના કર્યું.

મદદનીશ મેનેજર(મહેકમ)
જીઆઈડીસી-ગાંધીનગર.